# તંત્રી લેખ......

## ભાજપમાં પેઢીગત પરિવર્તનનો સંદેશ આપતી નીતિન નવીનની પસંદગી

બિહારના ભાજપના ધારાસભ્ય નીતિન નવીનને કાર્યકારી ભાજપ પ્રમુખ તરીકે નિયુક્ત કરવા એ ફક્ત સંગઠનાત્મક પ્રમોશન નથી પરંતુ ભાજપમાં ચાલી રહેલા પેઢીગત, પ્રાદેશિક અને વ્યૂહાત્મક પુનર્ગઠનનું અભિવ્યક્તિ છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે, સતત ત્રીજા કાર્યકાળ માટે કેન્દ્રમાં સત્તા મેળવ્યા પછી, પક્ષ લાંબા ગાળાની રાજકીય સ્થિરતા, નેતૃત્વ ઉત્તરાધિકાર અને સંગઠનાત્મક વિસ્તરણના નવા પડકારોનો સામનો કરી રહ્યો છે. નીતિનનું રાજકારણ પ્રમાણમાં શાંત, સંગઠન-કેન્દ્રિત અને કાર્યકર્તા-આધારિત રહ્યું છે.

આવા નેતાઓ ઘણીવાર ભાજપના સંગઠનાત્મક માળખામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે, કારણ કે પક્ષ સતત પોતાને કેડર-આધારિત સંગઠન તરીકે રજૂ કરે છે. નીતિનનો ઉદય એ દાવાને મજબૂત બનાવે છે કે નિર્ણાયક ભૂમિકાઓ ફક્ત ચૂંટણી વિજેતા ચહેરાઓને જ નહીં પરંતુ સંગઠનનું સંચાલન કરનારાઓને પણ આપવામાં આવે છે. નીતિનની પસંદગી એ પણ સૂચવે છે કે ભાજપ હવે બિહારને માત્ર ગઠબંધન રાજકારણના સંદર્ભમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય નેતૃત્વના નિર્માણ માટેના કેન્દ્ર તરીકે પણ જુએ છે. આ નિર્ણયનો બીજો મહત્વપૂર્ણ પાસું પેઢીગત પરિવર્તન સાથે સંબંધિત છે.

રામ જન્મભૂમિ ચળવળ, મંડલ પછીની રાજનીતિ અને છેલ્લી સદીના છેલ્લા દાયકાના વૈચારિક યુદ્ધોમાંથી ઉભરી આવેલી ભાજપની પ્રથમ પેઢીની નેતૃત્વ ધીમે ધીમે હાંસિયામાં ધકેલાઈ રહી છે. બીજી પેઢી, જેણે ૨૦૧૪ પછી સત્તા અને સંગઠન બંને સંભાળ્યા, તે હવે પરિપક્વતાના તબક્કામાં છે. તેથી, ત્રીજી પેઢીના નેતાઓને આગળ લાવવાની જરૂરિયાત સ્વાભાવિક છે. નીતિનને ત્રીજી પેઢીના પ્રતિનિધિ તરીકે જોઈ શકાય છે, ન તો ભૂતકાળની વૈચારિક લડાઈઓથી બોજાયેલા કે ન તો ફક્ત સત્તાના આનંદથી વ્યાખ્યાયિત.

ભાજપ જે વર્તમાન યુગનો સામનો કરી રહી છે, તેમાં સૌથી મોટો પડકાર એ છે કે નવા સંદર્ભોમાં તેની વિચારધારાને સુસંગત રાખવી. રાષ્ટ્રવાદ, સાંસ્કૃતિક ઓળખ અને વિકાસ - આ ત્રણ સ્તંભો ભાજપ રાજકારણના મૂળમાં રહ્યા છે, પરંતુ બદલાતા સામાજિક અને આર્થિક સંદર્ભમાં તેમનું અર્થઘટન પણ બદલાવું પડી રહ્યું છે. કોઈપણ મુખ્ય પક્ષમાં, નેતૃત્વમાં ફેરફાર અથવા નવા હોદ્દાઓનું નિર્માણ આંતરિક સંતુલનને અસર કરે છે. નીતિનનો ઉદય એવા નેતાઓ માટે પણ સંદેશ તરીકે કામ કરે છે જેઓ લાંબા સમયથી રાષ્ટ્રીય સ્તરની ભૂમિકાની રાહ જોઈ રહ્યા હતા. સંદેશ સ્પષ્ટ છે: સતત સંગઠનાત્મક સક્રિયતા, શિસ્ત અને નેતૃત્વ પ્રત્યેની વફાદારીને પુરસ્કાર આપવામાં આવે છે.

વિપક્ષી પક્ષોએ ઘણીવાર ભાજપ પર વ્યક્તિત્વ-કેન્દ્રિત બનવાનો અને સંગઠનાત્મક લોકશાહીને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે. આવી સ્થિતિમાં, કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ પદની રચના અને પ્રમાણમાં ઓછી વિવાદાસ્પદ સંગઠનાત્મક પૃષ્ઠભૂમિ ધરાવતા નેતાની નિમણૂક આ આરોપોનો આંશિક જવાબ છે. આ ભાજપની છબીને મજબૂત બનાવે છે, પોતાને ફક્ત વ્યક્તિઓના જૂથ તરીકે નહીં, પણ "સંસ્થા" તરીકે રજૂ કરે છે. આ નિર્ણયનું સામાજિક મહત્વ પણ છે.

નીતિન નવીનનો સામાજિક પૃષ્ઠભૂમિ ભાજપના તેના સામાજિક આધારને સતત વિસ્તૃત કરવાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. છેલ્લા એક દાયકામાં, પાર્ટીએ વિવિધ સામાજિક જૂથોને નેતૃત્વના હોદ્દાઓ પર સમાવવાનો પ્રયાસ કર્યો છે. નીતિનની પસંદગીને આ સામાજિક પુનર્ગઠનના ભાગ રૂપે જોઈ શકાય છે. કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષનું પદ ઘણીવાર સંપૂર્ણ રાષ્ટ્રીય અધ્યક્ષની ભૂમિકા માટેની તૈયારી તરીકે જોવામાં આવે છે. જો નીતિન આ ભૂમિકામાં સફળ થાય છે, તો તેઓ ટોચના નેતૃત્વમાં કાયમી સ્થાન મેળવી શકે છે. આ નિર્ણય સૂચવે છે કે ભાજપ ફક્ત વર્તમાન ચૂંટણી ગણતરીઓમાં વ્યસ્ત નથી, પરંતુ આગામી દાયકાના રાજકારણમાં તેના નેતૃત્વ અને સંગઠનને અનુરૂપ બનાવી રહ્યું છે. નીતિન નવીનનો ઉદય આ લાંબા ગાળાની વિચારસરણીનું પરિણામ અને પ્રતીક છે.


# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં થાક ખાતી તેજીઃ સોનાનો વાયદો રૂ.૫૮૨ અને ચાંદીનો વાયદો રૂ.૧૧૪૪ ઘટ્યો

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૧ લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૪૦૦.૫૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૯૨૮૬.૧૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૩૩૫.૨૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૨૫૯૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૨૬૯૦.૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૪૦૦.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૯૨૮૬.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૫૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૨૮૦.૯૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૭૩૩૫.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩૫૨૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૪૦૯૪ અને નીચામાં રૂ.૧૩૩૩૦૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૪૧૩૦ના આગલા બંધ સામે રૂ.૫૮૨ ઘટી રૂ.૧૩૩૫૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦૩ ઘટી રૂ.૧૦૬૯૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૫ ઘટી રૂ.૧૩૩૮૩ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭૧ ઘટી રૂ.૧૩૧૯૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૨૭૬૪ અને નીચામાં રૂ.૧૩૨૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૮૦૨ના આગલા બંધ સામે રૂ.૪૮૫ ઘટી રૂ.૧૩૨૩૧૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૯૫૦૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૯૭૭૦૮ અને નીચામાં રૂ.૧૯૪૨૬૦ના મથાળે અથડાઈ, રૂ.૧૯૭૯૦૧ના આગલા બંધ સામે રૂ.૧૧૪૪ ઘટી રૂ.૧૯૬૭૫૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૫૪ ઘટી રૂ.૧૯૭૩૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૧૮ ઘટી રૂ.૧૯૭૩૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૦૯૪.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૨ ઘટી રૂ.૧૧૦૭.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૪ ઘટી રૂ.૩૦૪.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૮૧.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૮૧.૩૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૯૯૮.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૪૫ અને નીચામાં રૂ.૩૬૮૬ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪ વધી રૂ.૩૭૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૧૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૫૪ અને નીચામાં રૂ.૫૦૭૪ના સ્તરને સ્પર્શી, રૂ.૫૧૪૨ના આગલા બંધ સામે રૂ.૬૧ ઘટી રૂ.૫૦૮૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૬૪ ઘટી રૂ.૫૦૮૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૨.૧ ઘટી રૂ.૩૫૭.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૨.૧ ઘટી રૂ.૩૫૭.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૩ના ભાવે ખૂલી, રૂ.૧૭.૧ વધી રૂ.૯૪૫.૯ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૧૪૦ ઘટી રૂ.૨૫૧૪૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૧ વધી રૂ.૨૬૮૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૨૬૭૯.૩૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૬૫૫.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૧૯૯.૫૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૦.૪૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૬.૫૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૪૭.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૯.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૧૨.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૭૬.૫૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૭૭૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૨૫૭૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૦૪૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૯૩૩૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૪૬૯૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૬૬૦૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૪૫૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૫૩૬૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૮૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૫૩૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૧૩૦૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૨૬૪૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૨૪૧૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૧૧ પોઈન્ટ ઘટી ૩૨૫૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૨ ઘટી રૂ.૩૦.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨ ઘટી રૂ.૧૩.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ ઘટી રૂ.૭૪૦ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૪૫.૫ ઘટી રૂ.૪૨૪૮.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩ ઘટી રૂ.૧૦.૭૫ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૩ ઘટી રૂ.૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૬.૧ વધી રૂ.૪૬.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭ વધી રૂ.૧૫.૩૫ના ભાવે બોલાયો હતો.

આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૦.૫ વધી રૂ.૧૦૧૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૬ પૈસા વધી રૂ.૧૨.૭૨ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૭ વધી રૂ.૨.૬ના ભાવે બોલાયો હતો.

# અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬નો ગાંધીનગરથી શુભારંભ કરાવતા મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ

### આગામી ૨૨ ડિસેમ્બર સુધી યોજાનાર ટુર્નામેન્ટમાં રાજ્ય- રાષ્ટ્રીય કક્ષાની મળીને કુલ ૨૮ ટીમોના ૨૬૬ ખેલાડીઓ સહભાગી થશે

રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે આજે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય વહીવટી તંત્ર સચિવાલય વેલફેર કામિટી દ્વારા આયોજિત અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬નો શુભારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધા જીમખાના સેક્ટર -૨૧ ખાતે તા.૧૬ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે.

મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે સૌ સિવિલ સર્વિસ સાથે જોડાયેલા ખેલાડીઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવેલા અધિકારીઓને એકત્ર કરતો આ રાષ્ટ્રીય રમતોત્સવ છે. જ્યાં આપણે વિભાગીય જવાબદારીઓથી મહદઅંશે દૂર રહીને રમત- ગમત ક્ષેત્રે, અન્ય રાજ્યના અધિકારીઓ સાથે મિત્રતા અને શારીરિક તંદુરસ્તીની ભાવનાથી જોડાઈએ છીએ.

મુખ્ય સચિવ શ્રી દાસે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્ર મોદી જ્યારે દેશના વડાપ્રધાન બન્યા ત્યારે 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમ શરૂ કરવાની પ્રેરણા આપી હતી. 'ખેલો ઈન્ડિયા' પહેલ જમીનીસ્તરે યુવાનોને ખેલ પ્રત્યે પ્રોત્સાહન આપે છે, યુવાનોની ખેલ પ્રતિભાની ઓળખ કરે છે અને યુવા ખેલાડીઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સહાય કરે છે. ખેલો ઈન્ડિયા જેવી અનેક પ્રતિયોગીતાના પરિણામે રમત—ગમત ક્ષેત્રે દેશના ખેલાડીઓ વૈશ્વિક મંચ પર ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ સહિત દેશના વધતા મેડલ ટેલીમાં તેનો સ્પષ્ટ પ્રતિબિંબ આપણે સૌ જોઈ રહ્યા છીએ. દરેક મેડલ માત્ર એક ખેલાડીની જીત નથી, પરંતુ રમત-જગતમાં ભારતના વધતા આત્મવિશ્વાસ, પ્રતિબદ્ધતા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનું પ્રતીક છે.

વધુમાં મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત ઝડપથી રમત અને જીવંત સંસ્કૃતિનું નિર્માણ કરી રહ્યું છે, જેથી તમામ ઉંમર અને વિસ્તારોના નાગરિકો માટે રમત-ગમત જીવનશૈલીનો એક અવિભાજ્ય ભાગ બની ગયો છે. ખેલાડીઓ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૃષ્ટિપૂર્ણ નેતૃત્વ અને પ્રગતિશીલ નીતિઓ હેઠળ, ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરના સ્ટેડિયમ તથા તાલીમ કેન્દ્રો બનાવ્યા છે. ગુજરાતમાં દર વર્ષે યોજાયેલ ખેલ મહાકુંભના પરિણામે ગુજરાતના બાળકોમાં શાળા કક્ષાએથી રમત ગમત ક્ષેત્રે રુચિ વધી છે. આ કાર્યક્રમે રાજ્યમાં રમત-ગમતને જનઆંદોલન બનાવ્યું છે. આ પ્રસંગે અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનીસ ટુર્નામેન્ટના કન્વીનર શ્રી રાહુલે જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય કાર્યક્રમનું યજમાનપદ સ્વીકારવા અને શ્રેષ્ઠ વ્યવસ્થા કરવા બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું. આ વર્ષની ટુર્નામેન્ટ ખાસ મહત્વની છે કારણ કે અમે પ્રથમ વખત મહિલા ટીમ ચેમ્પિયનશિપનો પ્રારંભ કર્યો છે. આ મહત્વપૂર્ણ પગલું રમતગમતમાં સર્વસમાવેશકતા, સમાનતા અને સમાન તકો પ્રત્યેની અમારી સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પહેલ વધુને વધુ મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે અને સિવિલ સર્વિસીસમાં મહિલા માટે રમત-ગમત ક્ષેત્રે મજબૂત પાયો નખાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬માં જુદા—જુદા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો મળીને કુલ ૨૮ ટીમો જેમાં ૧૮૭ પુરુષ અને ૭૯ મહિલા ખેલાડીઓ મળીને કુલ ૨૬૬ ખેલાડીઓ સહભાગી થયા છે.

### માર્ચમાં ઓડિટમાં ખુલાસો, હવે પોલીસ મેદાનમાં

# રાજકોટની બેંકમાંથી લોન પેટે મૂકવામાં આવેલું સોનું ગાયબ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં ઈન્ડિયન બેંકની એક શાખામાંથી ગોલ્ડ લોન પેટે ગ્રાહકો દ્વારા મૂકવામાં આવેલું અંદાજે ૧ કિલો જેટલું સોનું ભેદી સંજોગોમાં ગાયબ થઈ જતાં બેંકિંગ સેક્ટરમાં સનસનાટી મચી ગઈ છે. આ સમગ્ર મામલો ગત માર્ચ મહિનામાં બેંકના વાર્ષિક ઓડિટ દરમિયાન બહાર આવ્યો હતો. ઓડિટ કરી રહેલા અધિકારીઓને લોકરમાંથી સોનું ગુમ થયાની જાણ થઈ હતી, જેના પગલે બેંકના ઉચ્ચ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

લાંબા સમય સુધી આંતરિક તપાસ કરવા છતાં સોનાની ચોરી કરનાર કે ચોરીનું રહસ્ય ઉકેલવામાં બેંક સત્તાવાળાઓ નિષ્ફળ રહ્યા હતા. આખરે મામલો પોલીસને સોંપાયો હતો. પોલીસ તપાસમાં પણ ચોર અંગે કોઈ નક્કર કડી ન મળતા હવે પ્રદ્યુમનનગર પોલીસે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ની મદદ લેવાનો નિર્ણય કર્યો છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## યાત્રિયોની સુવિધા માટે ભાવનગર મંડળની કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

યાત્રિયોની સુવિધા તથા ટ્રેનોની સમયપાલન ક્ષમતામાં સુધારાના હેતુથી પશ્ચિમ રેલવેના ભાવનગર મંડલ સાથે સંબંધિત કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભાવનગર મંડલના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપી કે આ સુધારેલ સમયસૂચી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫થી અમલમાં આવશે.

મુખ્ય ફેરફારો નીચે મુજબ છે:

૧. ટ્રેન નં. ૫૯૫૬૧ રાજકોટ–પોરબંદર રાજકોટથી પ્રસ્થાન સમય બદલવામાં આવ્યો છે તેમજ માર્ગના વિવિધ સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય સુધારવામાં આવ્યા છે. પોરબંદર સ્ટેશન પર આગમન સમય પૂર્વવત રહેશે. આ ટ્રેન હવે રાજકોટથી સવારે ૦૮.૩૫ વાગ્યાના બદલે ૦૮.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે.

૨. ટ્રેન નં. ૫૯૪૨૨ વેરાવળ–રાજકોટ વેરાવળથી રિબડા સ્ટેશન સુધી સમયમાં કોઈ ફેરફાર નથી. માત્ર ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનનું ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય અગાઉના ૦૯.૧૭/૦૯.૧૮ વાગ્યાના બદલે હવે ૦૯.૦૪/૦૯.૦૬ વાગ્યે રહેશે.

૩. ટ્રેન નં. ૧૯૨૦૭ પોરબંદર–રાજકોટ વેરાવળથી ગોંડલ સુધી સમયમાં કોઈ ફેરફાર નથી. ભક્તિનગર સ્ટેશન પર સમય સુધારવામાં આવ્યો છે. આ ટ્રેનનું ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય અગાઉના ૧૦.૦૦/૧૦.૦૧ વાગ્યાના બદલે હવે ૦૯.૫૦/૦૯.૫૨ વાગ્યે રહેશે.

૪. ટ્રેન નં. ૫૯૪૨૩ રાજકોટ–વેરાવળ રાજકોટથી પ્રસ્થાન સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે તથા ભક્તિનગર સ્ટેશન પર સુધારેલ સમય લાગુ રહેશે. આગળ વેરાવળ સુધી સમયમાં કોઈ ફેરફાર નથી. આ ટ્રેન હવે રાજકોટથી સવારે ૦૮.૦૦ વાગ્યાના બદલે ૦૭.૫૫ વાગ્યે પ્રસ્થાન કરશે. આ ટ્રેનનું ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય અગાઉના ૦૮.૧૨/૦૮.૧૪ વાગ્યાના બદલે હવે ૦૮.૦૭/૦૮.૦૯ વાગ્યે રહેશે.

પ્રવાસીઓને વિનંતી છે કે મુસાફરી પૂર્વે સંબંધિત ટ્રેનનો સુધારેલ સમય રેલવે પૂછપરછ, અધિકૃત રેલવે વેબસાઈટ અથવા નજીકના રેલવે સ્ટેશન પરથી અવશ્ય તપાસી લે.

### ISAME-2025 લીડરશીપ, કો-ઓપરેશન અને ગુજરાતના વૈભવને વિશ્વ સમક્ષ વધુ ઉજાગર કરશેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# ગાંધીનગરમાં લાયન્સ ઈન્ટરનેશનલના ISAME-2025 ફોરમનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### આઈસેમ(ISAME)ના મેમ્બર કન્ટ્રીઝ ઉપરાંત અમેરિકા, કેનેડા, યુરોપ, એશિયા અને આફ્રિકાના અનેક આમંત્રિત દેશોના પ્રતિનિધિઓ સહિત ૪ હજારથી વધુ લોકો આ ફોરમમાં સહભાગી થયાં

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લાયન્સ ઈન્ટરનેશનલના ISAME-2025 ફોરમનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, આ ફોરમ લીડરશીપ, કો-ઓપરેશન અને ગુજરાતના વૈભવને વિશ્વ સમક્ષ વધુ ઉજાગર કરશે.

ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ ક્લબ આયોજિત ૫૩માં લાયન્સ ઈન્ટરનેશનલના આઈસેમ (ISAME) ફોરમમાં ઈન્ડિયા, સાઉથ એશિયા અને મિડલ ઈસ્ટ દેશોનો સમાવેશ થાય છે. આઈસેમ (ISAME)ના મેમ્બર કન્ટ્રીઝ ઉપરાંત અમેરિકા, કેનેડા, યુરોપ, એશિયા અને આફ્રિકાના અનેક આમંત્રિત દેશોના પ્રતિનિધિઓ સહિત ૪ હજારથી વધુ લોકો ગુજરાતના આંગણે યોજાયેલા આ ત્રીજા ફોરમમાં ભાગ લઈ રહ્યાં છે. આ લાયન્સ સેવાભાવીઓ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને વિશ્વનેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈની વતન ભૂમિ પર એકત્ર થયા તે ભારતીય સંસ્કૃતિના 'વસુધૈવ કુટુંબકમ' મંત્રનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતને વિશ્વમિત્ર અને વિકાસનો સક્રિય ભાગીદાર બનાવવાની નેમ સાથે કામ કરે છે. વિશ્વ સમુદાયો હ્યુમન સેન્ટ્રિક ડેવલપમેન્ટ, ગ્લોબલ કો-ઓપરેશન અને સોફ્ટપાવર સાથે માનવ કલ્યાણનું સમાજહિત રાખે તેવો તેમનો ધ્યેય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ફોરમ મોટિવેશન અને ઈનોવેશનનો મંચ બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરતાં કહ્યું કે, લીડર્સ, સોશિયલ વર્કર્સ, ઈન્સપાયરીંગ પર્સનાલિટીઝ અને ફ્યુચર લીડર્સ એક મંચ પરભેગા થયા છે તે સમાજના જરૂરતમંદ લોકોના કલ્યાણ માટેના સેવાકાર્યોને નવી દિશા આપશે.

એટલું જ નહિ, યુનાઈટેડ નેશન્સના ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ તથા લાયન્સના મુખ્ય સેવાકીય કાર્યક્રમોની સમીક્ષા કરીને ભવિષ્યની કાર્યયોજના બનાવવા માટે આ ફોરમનું ગુજરાતમાં આયોજન યોગ્ય છે તેમ જણાવીને શ્રી ભૂપેન્દ્ર પટેલે આ આયોજન ગુજરાતમાં કરવા માટે સૌ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે લાયન્સ ઈન્ટરનેશનલ સેવા અને નેતૃત્વમાં દીવાદાંડીની જેમ કાર્યરત રહ્યું છે તેની પ્રસંશા કરતા ઉમેર્યું કે, ૨૦૦થી વધુ દેશો-પ્રદેશોમાં સેવાકીય પ્રવૃત્તિ માટે ૪૯ હજારથી પણ વધુ ક્લબ ધરાવતું સક્રિય સ્વયંસેવક સંગઠન છે અને "વી સર્વ (We Serve)"ની ભાવનાથી કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ આઈસેમ-૨૦૨૫માં ઉપસ્થિત વિવિધ દેશોના પ્રતિનિધિઓ સમક્ષ ગુજરાતની વિકાસના રોલ મોડલ તરીકેની પ્રભાવક પ્રસ્તુતિ કરતા કહ્યું કે, ગુજરાત ઈન્ડસ્ટ્રી, ઈનોવેશન અને ન્યૂ ઈમર્જીંગ સેક્ટર્સમાં દેશનું નેતૃત્વ કરી રહ્યું છે અને બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ટર તથા સોશિયલ-ઈકોનોમિક ગ્રોથના પરિણામે દેશ-વિદેશના રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે.

આ અવસરે ફોરમના ચેરમેન શ્રી પ્રવિણ છાજેડ, લાયન્સના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ શ્રી એ. પી. સિંઘ, બીએપીએસના અગ્રણી સંત શ્રી બ્રહ્મવિહારી સ્વામી, ફોરમની પ્લાનિંગ કમિટિના ચેરમેન શ્રી રમેશ પ્રજાપતિ અને લાયન્સ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# માનનીય ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોરે કલોલ સ્ટેશન પર ચાર ટ્રેનોના સ્ટોપેજનું શુભારંભ કર્યું





માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ના માર્ગદર્શન હેઠળ માનનીય ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોરે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ કલોલ સ્ટેશન પર વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ, દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ, જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ અને મુઝફ્ફરપુર-સબરમતી જનસાધારણ એક્સપ્રેસ ના સ્ટોપેજનું શુભારંભ કર્યું

આ પ્રસંગે માનનીય ધારાસભ્ય કલોલ શ્રી લક્ષ્મણજી ઠાકોરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કલોલ રેલ્વે સ્ટેશન પર

૧. ૨૦૯૫૯/૬૦ વલસાડ-વડનગર-વલસાડ ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસ, જે કલોલને વલસાડ, સુરત, વડોદરા, અમદાવાદ અને વડનગર જેવા મહત્વના શહેરો સાથે જોડે છે.

૨. ૧૬૫૦૭/૦૮ જોધપુર-બેંગલુરુ-જોધપુર એક્સપ્રેસ, જે કલોલને રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતની રાજધાની બેંગલુરુ સાથે જોડે છે.

૩. ૧૫૨૬૯/૭૦ મુઝફ્ફરપુર -સાબરમતી- મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ, જે કલોલને બિહાર સહિત ઉત્તર ભારતના વિવિધ ક્ષેત્ર સાથે જોડે છે અને સામાન્ય મુસાફરો માટે ખૂબ જ ઉપયોગી છે.

૪. ૧૨૨૧૫/૧૬ દિલ્હી સરાઈ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ, જે કલોલને દેશની રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈ સાથે સીધી જોડે છે.

આ તમામ ટ્રેનોના સ્ટોપેજથી કલોલ તથા આસપાસના વિસ્તારોના મુસાફરોને સીધી, સુલભ અને સમય બચાવતી મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે. **GIDC** છત્રાલમાં કાર્યરત શ્રમિકોને પણ સીધી કનેક્ટિવિટી મળશે અને તેમને ટ્રેન પકડવા માટે મહેસાણા અને અમદાવાદ જવું નહીં પડે. ઉપરાંત વિદ્યાર્થીઓ, નોકરીપેશા વર્ગ, વેપારીઓ, ખેડૂતો તથા સ્થાનિક શ્રમિકોને અન્ય મોટા સ્ટેશનો પર નિર્ભર રહેવું નહીં પડે, જેના કારણે મુસાફરીમાં થતો સમય, શ્રમ અને આર્થિક ખર્ચ-ત્રણેમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ સાથે વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય સેવાઓ તથા પર્યટનને પણ નવી ગતિ મળશે.

કલોલ રેલવે સ્ટેશનનું અંદાજે રૂ. ૪૪.૨૨ કરોડના ખર્ચે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ યોજના હેઠળ કલોલ સ્ટેશનને આધુનિક મુસાફર સુવિધાઓથી સજ્જ, સુરક્ષિત અને ભવિષ્યની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહ્યું છે.

કલોલ સ્ટેશન પર ૪૦ ફૂટ પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ કાર્ય પણ પ્રગતિ પર છે, જે સ્ટેશનના તમામ પ્લેટફોર્મોને જોડીને શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને ભાગોને પરસ્પર જોડવાનું કામ કરશે, જેથી મુસાફરોને સુરક્ષિત અને સુગમ આવાગમનની સુવિધા મળશે. સાથે સાથે, સ્ટેશનના પૂર્વી છેડે દ્વિતીય પ્રવેશ (સેકન્ડ એન્ટ્રી) ભવનનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે કલોલના પૂર્વી વિસ્તારના નાગરિકોને ટિકિટ બુકિંગ, પ્રતીક્ષાલય તથા અન્ય મુસાફર સુવિધાઓનો સીધો લાભ મળશે.

હાલમાં કલોલ સ્ટેશન પરથી પ્રતિદિન આશરે ૨,૦૦૦ મુસાફરો આવાગમન કરે છે અને ૨૪ ટ્રેનો અહીં નિયમિત રીતે રોકાય છે. આ ચાર જોડી ટ્રેનોના સ્ટોપેજ સાથે કુલ ૩૨ ટ્રેનો કલોલ સ્ટેશન પર રોકાશે.

આ ચાર ટ્રેનોના કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય નીચે મુજબ રહેશે:

૧. ટ્રેન નં. ૨૦૯૫૯/૨૦૯૬૦ વલસાડ–વડનગર–વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ

ટ્રેન નં. ૨૦૯૫૯ વલસાડ–વડનગર એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૧૧.૩૭ કલાકે આગમન અને ૧૧.૩૯ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. ૨૦૯૬૦ વડનગર–વલસાડ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૧૮.૧૫ કલાકે આગમન અને ૧૮.૧૭ કલાકે પ્રસ્થાન કરશે.

૨. ટ્રેન નં. ૧૨૨૧૫/૧૨૨૧૬ દિલ્હી સરાય રોહિલ્લા–બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૨૨૧૫ દિલ્હી સરાય રોહિલ્લા–બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૨૨.૪૧ કલાકે આગમન અને ૨૨.૪૩ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. ૧૨૨૧૬ બાંદ્રા ટર્મિનસ–દિલ્હી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૨૦.૧૧ કલાકે આગમન અને ૨૦.૧૩ કલાકે પ્રસ્થાન કરશે.

૩. ટ્રેન નં. ૧૬૫૦૭/૧૬૫૦૮ જોધપુર–કેએસઆર બેંગલુરુ દ્વિસાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૬૫૦૭ જોધપુર–કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૧૮ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૧૨.૫૫ કલાકે આગમન અને ૧૨.૫૭ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. ૧૬૫૦૮ કેએસઆર બેંગલુરુ–જોધપુર એક્સપ્રેસ ૧૭ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૦૬.૧૯ કલાકે આગમન અને ૦૬.૨૧ કલાકે પ્રસ્થાન કરશે.

૪. ટ્રેન નં. ૧૫૨૬૯/૧૫૨૭૦ મુઝફ્ફરપુર–સાબરમતી સાપ્તાહિક જનસાધારણ એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૫૨૬૯ મુઝફ્ફરપુર–સાબરમતી જનસાધારણ એક્સપ્રેસ ૨૦ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૦૫.૫૩ કલાકે આગમન અને ૦૫.૫૫ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે ટ્રેન નં. ૧૫૨૭૦ સાબરમતી– મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ ૨૦ ડિસેમ્બર ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૧૮.૨૮ કલાકે આગમન અને ૧૮.૩૦ કલાકે પ્રસ્થાન કરશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને મુલાકાત લઈ શકે છે.

શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની રાષ્ટ્રીય સિદ્ધિઃ દેશભરની ૭૨૦ શાળાઓમાંથી ગુજરાતની સરકારી પ્રાથમિક શાળા પ્રથમ ક્રમે

# ‘ગ્રીન યોર સ્કૂલ પોગ્રામ’ હેઠળ ગાંધીનગરની જીવરાજના મુવાડા પ્રાથમિક શાળાને અપાયો રાષ્ટ્રીય કક્ષાનો ‘ગ્રીન સ્કૂલ એવોર્ડ-૨૦૨૫’




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગાંધીનગર જિલ્લાની જીવરાજના મુવાડા ગામની સરકારી પ્રાથમિક શાળાએ રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણના જતનની સાથે શિક્ષણ ક્ષેત્રે માત્ર જિલ્લાનું જ નહિ પણ સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ દ્વારા રાષ્ટ્રીય સ્તરે મુંબઈ ખાતે આયોજિત ‘ગ્રીન યોર સ્કૂલ પોગ્રામ’ હેઠળ ગાંધીનગરની જીવરાજના મુવાડા પ્રાથમિક શાળાને રાષ્ટ્રીય કક્ષાનો ‘ગ્રીન સ્કૂલ એવોર્ડ-૨૦૨૫’ અપાયો છે. અંદાજે ૧,૨૦૦થી વધુ વૃક્ષ ધરાવતી આ શાળાને રાષ્ટ્રીય સ્તરે ગ્રીન સ્કૂલ અંગેના ૧૧ નવા વિચારો અને પ્રોજેક્ટના અમલીકરણ માટે રૂ. ૦૩ લાખનું પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના ન્યુ એન્ડ રીન્યુબલ એનર્જી, મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર, વર્લ્ડ ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ, કોન્ફીડેરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી, ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસનું આયોજન જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, મુંબઈ ખાતે નવેમ્બર-૨૦૨૫માં કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા દર વર્ષે ‘ગ્રીન યોર સ્કૂલ પ્રોગ્રામ’ અંતર્ગત દેશભરમાંથી સ્કૂલના રજીસ્ટ્રેશન મંગાવવામાં આવે છે. જેમાં આ વર્ષે દેશમાંથી ૭૨૦ સ્કૂલ આ પોગ્રામમાં સહભાગી થઈ હતી. જેમાં પ્રથમ ત્રણ નંબરમાં ગુજરાત, અરુણાચલપ્રદેશ અને પાંડેચરી રાજ્યોની સ્કૂલ પસંદગી કરવામાં આવી હતી.

આ પોગ્રામ અંતર્ગત ગત ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાત સહિત ત્રણ સ્કૂલ દ્વારા જયુરી સમક્ષ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુશન, મુંબઈ, ખાતે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. રાજયના સમગ્ર શિક્ષણ વિભાગ, શાળાના આચાર્ય શ્રી બિપીન ગોસ્વામી તેમજ શિક્ષકોના માર્ગદર્શન દ્વારા તૈયાર કરવામાં આવેલ ગ્રીન સ્કૂલ અંગેના ૧૧ નવા વિચારો અને સ્કૂલમાં ચાલતા પ્રોજેક્ટ અંગે દહેગામ તાલુકાની જીવરાજના મુવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શ્રી મીત ઠાકોર, શ્રી યામી ઠાકોર અને શ્રી જીગ્નેશ ઝાલા દ્વારા જયુરી સમક્ષ પ્રભાવી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.




# સોનાના વધતા ભાવને કારણે ભરવાડ સમાજની ક્રાંતિકારી પહેલ: વહુ-દિકરીઓને નહી અપાય ૩૫ તોલા સોનુ

પ્રતિનિધિ,ગાંધીનગર



વધતા જતા સોનાના ભાવને લઈને ભરવાડ સમાજમાં સોનાના વહેવારો હવે આર્થિક રીતે લોકોની કમર ભાગી રહ્યા છે. ત્યારે આ સમાજ કુરીવાજોને દુર કરવા મકકમ બન્યો છે. સમાજ દ્વારા સોનાના વહેવારની પ્રથાને દુર કરવા માટે ક્રાંતિકારી પહેલ કરવાનો નિર્ણય લેવાયો છે.

માલધારી સમાજના અગ્રણી વિજય ભરવાડે જણાવ્યુ હતુ કે સોનાના વહેવારોની પ્રથાને દુર કરવા માટે તાલુકા, જિલ્લા મથકો પર અમારા સમાજની બેઠકો યોજીશુ, જાહેરમાં માત્ર ૪ તોલા સોનુ જ આપવાનો નિર્ણય લેવામાં આવશે, ઠાકર મંદિરનો મહંતોની આગેવાનીમાં ટુંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. તેમજ સમાજમાં રહેલ કુરીવાજો પણ દુર કરાશે, પ્રસંગોમાં જાહેરમાં ભરાતા મામેરા પ્રથા બંધ કરી બંધ કવરમાં આર્થિક મદદ કરવાનુ આહવાન કર્યુ હતું. દિકરીના પૈસા લેવા નહી, દિકરાઓ સાથે સાથે હવે દિકરીઓને પણ પુરતુ શિક્ષણ આપવુ, સમુહલગ્નમાં ભાગ લેવો જેવા અલગ અલગ મુદ્દે ચર્ચાઓ કરી બંધારણમાં બાંધવામાં આવશે. હાલ ભરવાડ સમાજમાં લગ્ન પ્રસંગમાં વહુને ૧૦ થી ૩૫ તોલા સોનુ ચડાવવાની પ્રથા છે જેને દુર કરવાનો પ્રયાસ કરીશું. તેમણે વધુમા કહ્યુ હતુ કે આપણા સમાજમાં એજયુકેશનનો એટલો બધો અભાવ છે કે તેની કોઈ સીમા જ નથી તો સમાજનો આ આર્થિક પ્રશ્ન છે જે રીતે હવે સોનાનો ભાવ વધી રહ્યો છે તે જોતા સમાજને આર્થિક રીતે બહુ જ તકલીફો પડી રહી છે. સમાજમાં અમારૂ એવુ આયોજન ચાલી રહ્યુ છે કે ટુંક સમયમાં અમારા ગુરૂજનો સાથે મળીને અમારી ટીમે નકકી કર્યુ છે કે દરેક વ્યકિતએ દિકરીને જાહેરમાં ૪ તોલા જ સોનુ આપવુ, કદાચ દીકરીનો બાપ સધ્ધર હોય તો દિકરીને પોતાની રીતે ગમે તેટલુ સોનુ આપે, દિકરીના સસરા સધ્ધર હોય તો તે પોતાની રીતે ગમે તેટલુ સોનુ ચઢાવે, પરંતુ એ ઘર મેળે , પરંતુ જાહેરમાં ૪ તોલા સોનાનો નિયમ અમે જલ્દી જ બનાવા જઈ રહ્યા છીએ. તેમજ સાથે જ અમે બીજા રીવાજો પણ બંધ કરવા માંગીએ છીએ. જેમ કે શ્રીમંત કપડા આપવા, સગાઈ વખતે કપડાનો વહેવાર કરવો, આ બધુ સમાજને પોષાય તેવુ નથી. હવે નાના માણસને દેખાદેખીમાં ઘણી તકલીફો પડી રહી છે. સમાજને એ જ કહેવુ છે કે લોકોનુ દેખાદેખીમાં ન જાઓ. બીજા સમાજની આર્થિક પ્રગતિ કઈ રીતે થાય છે, બીજા સમાજની હરોળમાં કેવી રીતે આપણા સમાજને લઈ જઈએ તે જોઈએ, ખાસ કરીને મામેરા પ્રથામાં પણ દિકરીને બધુ આપતા હોઈએ છીએ તેની જગ્યાએ મારી અપીલ છે કે દિકરીને રોકડ રકમ આપો એ પણ અંદરખાને, તમારાથી થાય એટલુ આપો, બહેન દિકરીને જેટલુ આપો એટલુ ઓછુ , બીજુ એ કે દિકરીના પૈસા લેવાનો રીવાજ પણ છે, દિકરીના પૈસા લેવા એ મોટુ પાપ છે, દિકરીના પૈસા લઈને આપણે પાપના ભાગીદાર થઈએ છીએ. સમાજ આર્થિક રીતે પ્રગતિમય બને , શિક્ષણમાં આપણે બીજા સમાજની હરોળમાં આવીને ઉભા રહીએ. એવુ વર્તન કરવુ જોઈએ કે બીજો સમાજ આપણી સાથે જોડાય, આપણે કઈ રીતે બીજા સમાજ સાથે જોડાઈને કામ કરીએ અને કઈ રીતે બીજા સમાજ માટે આપણે પણ પ્રેરણાદાયી બની શકીએ, અમારી આખી ટીમ ગામડે ગામડે જઈએ છીએ, જાગૃતિ અભિયાન ચાલુ કર્યુ છે. સમાજ આર્થીક રીતે કઈ રીતે આગળ આવે, શિક્ષણમાં આગળ આવે તેવો અમારો પ્રયાસ છે. પ્રગતિના પંથે જાય દિકરો દિકરી , એજયુકેશનમાં આગળ આવે તે અમારો હેતુ છે.

# કેજરીવાલ અને સંજયસિંહને અમદાવાદની સેશન્સ કોર્ટનો ઝટકો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની શહેર સેશન્સ કોર્ટે દિલ્હીના ભુતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી સાંસદ સંજયસિંહની અરજીઓને ફગાવી દીધી છે.

જેમાં તેમને ગુજરાત યુનિર્વસિટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક ડીગ્રી પરની ટીપ્પણી બદલ દાખલ કરેલી ફોજદારી માનહાનીના કેસમાં રાહત આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે.

કોર્ટે ચુકાદો આપ્યો હતો કે બંને નેતાઓએ એક જ વ્યવહારમાં કામ કર્યુ હતુ અને સીઆરપીસીની કલમ ૨૨૩(અ) હેઠળ તેમની સંયુકત ટ્રાયલ માન્ય બનાવી હતી. કેજરીવાલે કોઈ સહિયારો ગુન્હાહીત ઈરાદો ન હોવાનો દાવો કરીને અલગ ટ્રાયલની માંગ કરી હતી જયારે સંજયસિંહે સીઆર પીસીની કલમ ૨૫૧ હેઠળ મેજીસ્ટ્રેટ દ્વારા તેમની અરજીની રેકોર્ડીંગને પડકારી હતી. બંને અરજીઓ ફગાવી દેવામાં આવી હતી.




# હિંમતનગરમાં હુડાનો વિરોધ ઉગ્ર બન્યોઃ ૨૦મીએ ૧૦ હજારથી વધુ ભાજપના કાર્યકર્તાઓ ધડાધડ આપશે રાજીનામા

## દેશની સૌથી વધુ પ્રાથમિક સભ્યો ધરાવતી ભાજપના કાર્યકરો હિંમતનગરમાં એક સાથે ૧૦ હજાર થી વધુ આપશે રાજીનામા






પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત ૧૧ ગામડાઓમાં હુડાનો વિરોધ દિવસે અને દિવસે ઉગ્ર બનતો જઈ રહ્યો છે. સરકાર સાથે બેઠકો યોજવા છતાં કોઈ નિર્ણય ન આવતા હવે હુડા પ્રભાવિત ૧૧ ગામના ૧૦ હજાર થી વધુ ભાજપના કાર્યકર્તાઓ અને તમામ હોદ્દેદારો પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી સામુહિક રાજીનામુ આપશે. ગુજરાતમાં નજીકના સમયગાળામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાવવાની છે ત્યારે આગામી સમયમાં ભાજપ માટે મુશ્કેલીરૂપ બને તો નવાઈ નહી, કારણ કે હિંમતનગર તાલુકો એ વરસોથી ભાજપનો ગઢ કહેવાય છે અને આ ૧૧ ગામો હિંમતનગરની બેઠકને નુકશાન પહોચાડી શકે છે, હિંમતનગર તાલુકા વિસ્તારમાં હુડા યોજનાનો વિરોધ હવે ચરમસીમાએ પહોચ્યો છે. છેલ્લા ૧૦૦ દિવસથી આંદોલન કરી રહેલા ખેડુતો અને અસરગ્રસ્ત ૧૧ ગામોના લોકોએ મોટો નિર્ણય લીધો છે. સરકાર સાથે બેઠકો યોજવા છતાં કોઈ નિર્ણય ન આવતા હવે આ આંદોલનને વધુ ઉગ્ર બનાવાયુ છે. સંકલન સમિતિની બેઠકમાં તમામ ખેડુત આગેવાનો અને ભાજપના કાર્યકર્તાઓ ઉગ્ર બન્યા હતા અને સરકાર સામે આક્રોશ ઠાલવ્યો હતો. હુડા પ્રભાવિત ૧૧ ગામના ૧૦ હજાર થી વધુ ભાજપના કાર્યકર્તાઓ અને તમામ હોદ્દેદારો પક્ષના પ્રાથમિક સભ્યપદેથી સામુહિક રાજીનામુ આપશે. તમામ કાર્યકર્તાઓ આગામી ૨૦ ડીસેમ્બરે હિંમતનગર ભાજપ કાર્યાલય ખાતે રાજીનામુ સુપ્રત કરશે.

મળતી માહિતી પ્રમાણે વેપારી અને બિલ્ડર એસોસીએશન સહિત રાજકીય આગેવાનો અને હોદ્દેદારોએ ગઈ તારીખ ૧૨ ડીસેમ્બરે બંધના એલાનને સંપૂર્ણ રીતે ટેકો જાહેર કર્યો હતો. હુડાના વિરોધમાં કોઈપણ પ્રકારના અનિચ્છિનિય બનાવને ટાળવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનો બીજો તબકકો શરૂઃ આગામી ૨૦ ડીસે. થી કોંગ્રેસની જનઆક્રોશ યાત્રા

## મધ્યગુજરાતના ૭ જિલ્લાઓને આવરી લેવાશે : ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, મહિસાગર અને દાહોદને આવરી લેવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસે ફરી એકવખત રાજય સરકાર સામે જનઆક્રોશ યાત્રા શરૂ કરવાની જાહેરાત કરી છે. ગત નવેમ્બરમાં પ્રથમ તબકકામાં ઉત્તર ગુજરાતમાં જન આક્રોશ યાત્રા બાદ પક્ષ હવે આગામી ૨૦ ડીસેમ્બર થી મધ્ય ગુજરાતમાં બીજા તબકકાની યાત્રા શરૂ કરશે.

આ અંગે કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે બીજા તબકકાની કોંગ્રેસની જનઆક્રોશ યાત્રામાં મધ્ય ગુજરાતના ૭ જિલ્લા જેમાં ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, મહિસાગર અને દાહોદને આવરી લેવામાં આવશે. તુષાર ચૌધરી, મનિષ દોશી, હેમાંગ



રાવલ, અમિત નાયક તથા હિરેન બેંકર સહિત પક્ષના વરીષ્ઠ નેતાઓની હાજરીમાં યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં અમિત ચાવડાએ કહ્યુ હતુ કે ફાગવેલ થી શરૂ થઈને કંબોઈ (લીમખેડા તાલુકો) ખાતે સમાપન થનારી આ યાત્રામાં લગભગ ૧૪૦૦ કિ.મી. નો વિસ્તાર આવરી લેવામાં આવશે. કોંગ્રેસ નેતાએ રાજયની ભાજપ સરકાર ઉપર આક્ષેપો કરતા કહ્યુ હતુ કે રાજયમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. હાલના મુકાયેલા મંત્રીઓ પણ પોતાના મત વિસ્તારના એજન્ટો રાખી કામ કરી રહ્યા છે. તો કેટલાક મંત્રીઓને તો ભલામણો કયા કરવી તે પણ પુરી ખબર નથી. જેને લઈ રાજયની જનતા કામ કરાવવા માટે આમ તેમ ભટકી રહી છે.

આદિવાસી વિસ્તારોની સમસ્યાઓ ઉકેલવામાં રાજય સરકારને રસ નથી, મનરેગામાં ભ્રષ્ટાચાર સાબિત થઈ ચુકયો છે તેમ છતાં અનેક લોકો સામે કાર્યવાહી થઈ નથી, આ પ્રશ્ને જે લોકો લડી રહ્યા છે તેમની વચ્ચે કોંગ્રેસ જશે અને તેમના પ્રશ્નોને વાચા આપશે તેવુ તેમણે ક્હયુ હતું.

પ્રથમ યાત્રાનો મુખ્ય આશય ખેડુતોના દેવા સંપૂર્ણ માફ કરવાની કોંગ્રેસની માંગણીને ધરતીપુત્રો સુધી પહોચાડવાની હતી અને ઉત્તર ગુજરાતના ખેડુતોએ પણ અમારી એ માગણીને સમર્થન આપ્યુ હતું. કોંગ્રેસની પ્રથમ જનઆક્રોશ યાત્રા સંદર્ભે અમિત ચાવડાએ કહ્યુ હતુ કે એ યાત્રા દરમિયાન ઉત્તર ગુજરાતના અનેક લોકોએ જાહેરમાં આક્રોશ વ્યકત કરવાની હિંમત કરી હતી. ભાજપની સરકારે ૩ દાયકાથી અંગ્રેજોની નીતિ રીતી પ્રમાણે લોકોનો અવાજ દબાવી રાખ્યો હતો પરંતુ કોંગ્રેસે એ લોકોના અવાજને વાચા આપવા પહેલ કરી હતી.

આવુ જ પરીણામ હવે બીજા તબકકાની મધ્ય ગુજરાતની જન આક્રોશ યાત્રામાં જોવા મળશે તેવો તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો. કોંગ્રેસ નેતાએ કહ્યુ હતુ કે ગુજરાતમાં આજે દારૂ અને ડ્રગ્સ ના દુષણે માઝા મુકી છે અને કોંગ્રેસ તેને સંપૂર્ણ નાબુદ કરવા સંઘર્ષ કરે છે.

# અમદાવાદમાં પોલીસ ઉપર હુમલાના વધતા જતા બનાવો : નિકોલ બાદ આનંદનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને સ્ટાફ પર હુમલો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં દિવસે દિવસે પોલીસ ઉપર હુમલાના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. ગઈ કાલે જ અમદાવાદના નિકોલમાં પોલીસ ઉપર હુમલો કરાયાની તપાસ હજુ પુરી થઈ નથી ત્યાંજ વધુ એક અમદાવાદના આનંદનગર પોલીસ સ્ટેશનની વ્રજનગરી આવાસ પોલીસ ચોકી ખાતે પીએસઆઈ વાય આર ચંદુ સહિત હેડ કોન્સ્ટેબલ અને મહિલા પોલીસ કર્મી પર એક જ પરીવારના ૩ સભ્યોએ હુમલો કર્યો હતો.




અરજીનો જવાબ લેવા માટે બોલાવેલા યુવકે પોતાની પત્ની અને માતા સાથે મળીને પોલીસ સાથે ઝપાઝપી અને મારા મારી કરી હતી. આકાશ ભરતસિંહ પરમારને પુછપરછ માટે પોલીસ ચોકી બોલાવવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે અરજીઓની તપાસ દરમિયાન આકાશ ભરતસિંહ પરમારને પુછપરછ માટે પોલીસ ચોકી બોલાવવામાં આવ્યા હતા. આકાશ તેમના માતા વિદ્યા પરમાર અને પત્ની મનિષા પરમાર સાથે હતા પરંતુ તપાસ શરૂ થતા પહેલા જ તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી શરૂ કરી દીધી હતી. પીએસઆઈ ચંદુએ ઘટના રેકોર્ડ કરવા માટે મોબાઈલમાં વિડીયો બનાવવાનુ શરૂ કર્યુ ત્યારે આકાશે તેમને ધકકો માર્યો હતો અને ઝપાઝપી કરી હતી. વચ્ચે પડેલા હેડ કોન્સ્ટેબલને પણ ડાબા હાથની કલાઈમાં નખ મારીને ઈજા પહોચાડી હતી. વિદ્યા અને મનિષાએ પણ મહિલા પોલીસ કર્મી સાથે બોલાચાલી અને ઝપાઝપી કરી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓ પોલીસ ચોકીમાંથી બહાર નિકળી, હેડ કોન્સ્ટેબલની પાર્ક કરેલી સ્પલેન્ડર બાઈકને ધકકો મારી નુકશાન પહોચાડયુ હતું. બાદમાં તેઓ કારમાં બેસીને જાહેરમાં પોલીસ કર્મીઓને ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર મામલે પીએસઆઈ વાય આર ચંદુ દ્વારા આકાશ ભરતસિંહ પરમાર, વિદ્યાબેન પરમાર અને મનિષાબેન પરમાર સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

# અંબાજીના પાડલીયા ગામમાં આદિવાસીઓ અને પોલીસ વચ્ચે મામલાને લઈ આજે ચૈતર વસાવા જશે અંબાજી

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠાના પ્રખ્યાત યાત્રાધામ અંબાજીના પાડલીયા ગામમાં પોલીસ પર પથ્થરમારાની ઘટના બનવા પામી હતી. પાડલીયા ગામમાં જંગલની જમીનને લઈને આદિવાસીઓ અને વનવિભાગ વચ્ચે તણાવ સર્જાયો હતો. ત્યારબાદ હિંસક બન્યો હતો આદિવાસીઓએ વન અધિકારીઓ પર પથ્થરમારો કરતા પરીસ્થિતિ વધુ વણસી હતી, પથ્થરમારાથી નાસભાગ મચી ગઈ હતી. પથ્થરમારામાં વન વિભાગ અને પોલીસના ઘણા કર્મચારીઓ ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલીક સારવાર માટે નજીકની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભાજપ-કોંગ્રેસ બાદ હવે આમ આદમી પાર્ટીના નેતા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આજે પાડલીયા ગામની મુલાકાત લઈ શકે છે તેવુ ચૈતર વસાવાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું. બનાસકાંઠાના અંબાજી નજીક પાડલીયા ગામે જે હિંસક ઘટના ઘટી હતી તે મુદ્દા પર આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા અન્ય પદાધિકારીઓ અને લીગલ ટીમ સાથે આજે તારીખ ૧૭ ડીસેમ્બર ના રોજ પાડલીયા ગામની મુલાકાત લેશે. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં કહ્યુ હતુ કે આજે અમે આદિવાસી સમાજના તમામ પદાધિકારીઓ સાથે અંબાજી ગબ્બર પર દર્શન કરી અને પાડલીયા ગામમાં જવાના છીએ. આ ઘટનામાં માત્ર આદિવાસીઓ પર જ કેમ કાર્યવાહી કરવામાં આવી, જે લોકોએ ત્યાં ફાયરીગ કર્યુ, ટીયરગેસના સેલ છોડયા તે પોલીસ અધિકારીઓ કે વન વિભાગના અધિકારીઓ પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને ત્યાં અમારૂ સંગઠન જઈને તમામ બાબતો મામલે ચિંતન કરવાના છીએ. વાત કરવાના છીએ અને આગામી દિવસોમાં તેનુ નિરાકરણ કેવી રીતે લાવી શકાય તે જોઈશુ.



# અમરેલી પીજીવીસીએલ ગ્રામિણ-૨ પેટા વિભાગ કચેરીની ખાસ કિસ્સામાં મંજુરી : ગ્રામ્ય વીજ સેવાઓને મળશે મોટી રાહત

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લામાં વિજળી સંબંધીત સેવાઓને વધુ સુગમ અને અસરકારક બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમરેલી પીજીવીસીએલ હસ્તક હાલ કાર્યરત અમરેલી ગ્રામીણ પેટા વિભાગની એક માત્ર કચેરીનુ વિભાજન કરી નવી અમરેલી ગ્રામીણ-૨ પેટા વિભાગ કચેરીની રચનાને ખાસ કિસ્સામાં મંજુરી આપવામાં આવી છે. આ માંગણી સ્થાનિક લોકો દ્વારા લાંબા સમયથી કરવામાં આવી રહી હતી.

ગ્રામીણ વિસ્તારોમાં વધતી વસ્તી, ખેતી આધારીત વીજ માંગ અને ફરીયાદોની સંખ્યાને ધ્યાનમાં રાખીને કચેરીનુ વિભાજન જરૂરી બન્યુ હતુ આ બાબતે સ્થાનિક આગેવાનો અને જનતા દ્વારા રાજયના નવનિયુકત યુવાન મંત્રી કૌશિક વેકરીયાને રજુઆત કરવામાં



આવી હતી. રાજયના ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કૌશિક વેકરીયાને રજુઆતને ગંભીરતા પૂર્વક ધ્યાને લઈ રાજય મંત્રીએ સત્તા સંભાળ્યાના માત્ર દોઢ માસની અંદર જ ખાસ કિસ્સામાં નવી કચેરીની રચનાને મંજુરી આપતા ઉર્જા વિભાગને જરૂરી હુકમો કરવા નિર્દેશ કર્યા હતા.

આ બાબતે રાજયમંત્રી કૌશિક વેકરીયાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે નવી અમરેલી ગ્રામીણ-૨ પેટા વિભાગ કચેરી માટે કુલ ૪૪ જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. જેમાંથી ૩૫ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી છે અને ૯ જગ્યાઓ હાલની અમરેલી ગ્રામીણ પેટા વિભાગ-૧ માં થી સ્થળાંતરીત કરવામાં આવશે. આથી સ્ટાફની અછત દુર થશે અને ફરીયાદોના ઝડપી નિવારણમાં મદદ મળશે. ઉલ્લેખનીય છે કે દોઢ વરસ અગાઉ અમરેલી શહેરમાં વીજ સમસ્યાઓ હળવી કરવા માટે શહેરની વીજ કચેરીનુ વિભાજન કરી અમરેલી શહેરને બે વિભાગમાં વહેંચવામાં આવ્યુ હતુ, જેના સકારાત્મક પરીણામો જોવા મળ્યા હતા. હવે એ જ રીતે અમરેલી ગ્રામીણ પેટા વિભાગનુ વિભાજન થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પણ વીજ પુરવઠા સંબંધીત સમસ્યાઓમાં નોધપાત્ર ઘટાડો થશે અને ખેડુતો તેમજ ગ્રામજનોને ઝડપી અને અસરકારક સેવા મળશે.

# વાહનોનુ પીયુસી કઢાવવુ હવે મોંઘુ બની રહેશેઃ ટુ વ્હીલર-ફોર વ્હીલરના નવા ભાવ જાહેર કરાયા

| વાહન | જુનો ભાવ | ભાવ વધારો | નવો ભાવ |
|---|---|---|---|
| ટુ વ્હીલર | ૩૦ રૂપીયા | ૨૦ રૂપીયા | ૫૦ રૂપીયા |
| થ્રી વ્હીલર | ૫૦ રૂપીયા | ૧૦ રૂપીયા | ૬૦ રૂપીયા |
| કાર (સીએનજી,પીજી , પેટ્રોલ | ૮૦ રૂપીયા | ૫૦ રૂપીયા | ૧૩૦ રૂપીયા |
| ડીઝલ અને હેવી મોટર્સ | ૧૦૦ રૂપીયા | ૫૦ રૂપીયા | ૧૫૦ રૂપીયા |

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં પીયુસી કઢાવવાનુ હવે મોઘુ થશે જુદા જુદા ટુ વ્હીલર થી માંડીને ભારે વાહનોના દરમાં ૧૦ રૂપીયાથી લઈને ૫૦ રૂપીયાનો વધારો કરવામાં આવ્યો છે.

રાજય સરકારે હવે વાહનોનુ પીયુસી કઢાવવા માટે નવા દર બહાર પાડયા છે. અગાઉના દરમાં વધારો ઝીંકતા સરકારે વાહનોનુ પીયુસી કાઢવા માટે ટુવ્હીલર, ફોર વ્હીલરના જાહેર નવા ભાવ જાહેર કર્યા છે. અગાઉ ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે પીયુસી ના નવા ભાવ જાહેર કરવામાં આવ્યા છે આ ભાવમાં વધારો કરતા સરકારે નવા ભાવ બહાર પાડયા છે.




ઉલ્લેખનીય છે કે અગાઉ વાહન વ્યવહાર વિભાગ દ્વારા અંદાજે ૮ વર્ષ અગાઉ ભાવવધારો કરાયો હતો, વર્ષ ૨૦૨૦ માં પીયુસીના ભાવમાં વધારો કરાયો હતો જેના બાદ વર્ષ ૨૦૨૫ માં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫ માં ૫૦ ટકા થી લઈને ૬૭ ટકા સુધીનો વધારો કરાયો હતો. રાજયના વિવિધ પીયુસી સેન્ટરોમાં નવા ભાવનો અમલ શરૂ કરી દેવાયો છે. રાજયમાં ૨ હજાર સેન્ટરોમાં હવે નવા ભાવનો અમલ કરાશે. પીયુસી સેન્ટરના માલીકો નિયત ફી સિવાય વધારાનો એક પણ રૂપીયો વસુલી શકશે નહી.

# કોંગ્રેસે કહ્યુ કોના કહેવાથી આદિવાસીઓ પર અત્યાચાર કરાયોઃ સમાજને ન્યાય નહી મળે તો મોટો ભડકો થશેઃ ભાજપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠામાં અંબાજી પાસેના પાડલીયા ગામમાં પોલીસ અને વનકર્મીઓ પર પથ્થર અને તીરકામઠા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૪૭ અધિકારીઓ અને કર્મચારીઓને ઈજા પહોચી હતી, આ ઘટના બાદ પોલીસે ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને પંચનામુ કર્યુ હતુ અને ૫૦૦ લોકો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરી હતી. આ ઘટનામાં હવે બેઠકોનો દોર શરૂ થયો છે. અંબાજીમાં રેન્જ આઈજી ચિરાગ કોરડીયાએ એસપી અને ડીવાયએસપી સાથે બેઠક કરી ઘટનાનો તાગ મેળવ્યો હતો.



આ ઘટનાબાદ હવે રાજકારણ ગરમાયુ છે. આદિવાસી સમાજના આગેવાનો આજે મંગળવારે એકઠા થયા હતા જેમાં દાંતાના ધારાસભ્ય કાંતી ખરાડી પણ હાજર રહ્યા હતા. હુમલાની ઘટનાના નિરાકરણ અંગે આ બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવી હતી. આગામી સમયમાં આવી ઘટના ન બને તે અંગે પણ ચર્ચાઓ કરાઈ હતી. ધારાસભ્ય કાંતી ખરાડીએ કહ્યુ હતુ કે કરતા હરતા ને મારી ચેલેન્જ છે. પોલીસ અને અધિકારીઓને હાથો બનાવ્યા છે, કોના કહેવાથી આદિવાસીઓ પર અત્યાચાર કરાયો, આદિવાસીઓને જેટલા મારવા હોય એટલા મારો, આ ભુલાસે નહી એનો બદલો લીધે છુટકો છે, તો બીજી તરફ ભાજપના આગેવાન લાઘુ પારગીએ કહ્યુ હતુ કે વહિવટી તંત્રના કારણે સરકાર બદનામ થાય છે. વહિવટી તંત્રએ નોટીસ આપી આ કામ કરવાનુ હતુ, આદિવાસી સમાજ ભોળો છે, વહિવટી તંત્રએ લોકોને સમજાવવાના હતા અને અમારા જેવા આગેવાનોને સાથે રાખીને કામ કરવાનુ હતુ, અમને ખબર પડી છે કે પોલીસ અને જંગલ ખાતાવાળા માર મારવા માંડયા હતા, જેથી બચવા માટે હુમલો કરાયો છે, હજુ સમય છે આમા મોટુ કરવા જેવુ કશુ જ નથી, આદિવાસી સમાજ અને વહિવટી તંત્રએ બચવુ જોઈએ. ગુન્હો દાખલ કરવો એ પોલીસના હાથમાં છે, મારા સમાજ સાથે આવુ થયુ એટલે આખી વાત સરકાર સુધી લઈ જઈશ, પોલીસ દ્વારા અટકાયત કરાશે અને સમાજને ન્યાય નહી મળે તો આ ભડકો મોટો થશે.

# કેન્દ્ર સરકાર દ્વારા બજારમાં વ્યાજબી ભાવે-સરળતાથી ઘઉં મળી રહે અને સંગ્રહખોરી અટકે તે માટે તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ સુધી સ્ટોક મર્યાદા અમલી બનાવાઈ

બજારમાં વ્યાજબી ભાવે સરળતાથી ઘઉં મળી રહે અને તેની સંગ્રહખોરી અટકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા આગામી તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ સુધી સ્ટોક મર્યાદા અમલી બનાવાઈ છે.

ઘઉંના સંગ્રહ કરવામાં સુધારો કરી ઘઉંની સંગ્રહખોરી અટકે અને બજારમાં ઘઉં સરળતાથી અને વાજબી કિંમતે ગ્રાહકોને મળી રહે તે હેતુસર ઘઉંના વેપાર સાથે સંકળાયેલ ટ્રેડર્સ, હોલસેલર્સ, રીટેઈલર્સ, બીગ ચેન રીટેઈલર્સ અને પ્રોસેસર્સ પર સ્ટોક મર્યાદા દાખલ કરવામાં આવી છે. જેમાં ટ્રેડર, હોલસેલર માટે ૨૦૦૦ મેટ્રીક ટન, રીટેલર અને બીગ ચેઈન રીટેલર માટે ૮-૮ મેટ્રીક ટન તેમજ પ્રોસેસર માટે ૬૦ ટકા કેપેસીટી મુજબ સ્ટોક મર્યાદા નક્કી કરવામાં આવી છે.

જે અંતર્ગત પેઢીઓ દ્વારા દર શુક્રવારે ઓનલાઈન હાજર રહેલ જથ્થાની નોંધણી કરવાની રહે છે. જેની ચકાસણી જિલ્લા પુરવઠા કચેરીની ટીમ દ્વારા સમયાંતરે કરવામાં આવી રહી છે. જેથી ઘઉંની દાખલ થયેલ સ્ટોક મર્યાદા કરતા વધું જથ્થાની સંગ્રહખોરી રોકી શકાય. આમ, રાજયમાં ઘઉંનો સ્ટોક પુરતા પ્રમાણમાં માર્કેટમાં ઉપલબ્ધ રહે તેની વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે. આ ઘઉં પર લાદવામાં આવેલી સ્ટોક મર્યાદાનું નિયમન રાજય સરકાર હસ્તકના પુરવઠા તંત્ર દ્વારા કરવામાં આવે છે.

નોંધનીય છે કે, તા.૨૭ મે, ૨૦૨૫થી ઘઉંની સંગ્રહખોરી કાબુમાં રહે તે હેતુથી ઘઉંના વેપાર પર સ્ટોક મર્યાદા દાખલ કરવામાં આવી છે, તેમ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

- જીગર બારોટ